RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 05 Date: 25.10.2023,Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# રૂપાલમાં વરદાયિની માતાજીની પલ્લીમાં ઘીની નદીઓ વહી, નોમની રાતે પરંમપરાગત પલ્લી યોજાઈ



ગાંધીનગર,તા.૨૪ ગાંધીનગરના રૂપાલમાં વરદાયિની માતાજીની પલ્લી યોજાઈ. નોમની રાતે પરંમપારાગત પલ્લી યોજાઈ હતી. ગાંધીનગરમાં રૂપાલમાં માતાજીની પલ્લી પર હજારો કિલો ઘીનો અભિષેક કરાતા ઘીની નદીઓ વહેવા લાગી હતી. પાંડવ કાળથી ચાલતી આવતી પરંપરા મુજબ ગામના લોકો પલ્લી કાઢવામાં આવી હતી. પલ્લીમાં હજારોની સંખ્યામાં આવતા ભાવિ ભક્તોની સુરક્ષા વ્યવસ્થા માટે પણ પોલીસ તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી હતી. ફૂડ વિભાગની ટીમો પણ ડુપ્લીકેટ ઘીના વેચાણને રોકવા તેનાત કરવામાં આવી હતી. રાત્રે ૧ વાગ્યા આસપાસ પલ્લી બન્યા બાદ ૨૭ ચકલાઓમાં ફરી પલ્લી નિજમંદિરમાં પહોંચી હતી.

ગુજરાતના ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં આજની નહીં પરંતુ સદીઓથી ઘીની નદીઓ વહે છે. નવરાત્રિમાં જેટલા ગુજરાતના ગરબા વખાણાય છે, તેટલી જ રૂપાલની પલ્લી પણ પ્રખ્યાત છે. માતાની પલ્લી પર લાખો લિટર ઘી ચઢાવાતું હોય, અને તેની નદીઓ ગામની ગલીઓમાં વહેતી હોય... તેવા દ્રશ્યો રૂપાલમાં જ જોવા મળે છે. રૂપાલની પલ્લીને જોવા માટે દેશવિદેશમાંથી લોકો આવે છે. આસો સુદ નોમના રાત્રે આ પલ્લી નીકળે છે.

ગાંધીનગરમાં રૂપાલ ગામે આસો સુદ વદના રાત્રે માતાની પલ્લીનો પ્રારંભ થાય છે. આ મહોત્સવ વિશ્વભરમાં વિખ્યાત છે. જ્યાં આસ્થાના દર્શન થાય છે. માતાની પલ્લી મંદિરથી નીકળીને ગામના ૨૭ ચોકમાંથી પસાર થાય છે. આ દરેક ચોકમાં પલ્લી પર ઘી રેડાતું રહે છે. આ માટે ગામમાં આવેલ માતાના સ્થાનકને રોશનીથી સજાવાય છે. નવરાત્રિના પહેલા દિવસે ઘટ સ્થાપનાની સાથે માતાના જવેરા વાવવામાં આવે છે.જેના બાદ નોમના દિવસે રાત્રે પલ્લી નીકળે છે. ઉનાવાના ઠાકોર સમાજના લોકો જ આ પલ્લીને પ્રસ્થાન કરાવે છે. ગામના દરેક ચોકમાં મોટી સંખ્યામાં માનવમહેરામણ ઉમટે છે કે, જોઈને ઘડીક બીક લાગે. પરંતુ આજ દિન સુધી પલ્લીમાં કોઈ અનિચ્છીનીય બનાવ બન્યો નથી.

પલ્લી શું છે, એવો સવાલ બધાને થાય છે. પલ્લી એટલે માતા માટે લાકડાનો ઘોડા વગરનો રથ. સૌથી પહેલા પાંડવોએ સોનાની પલ્લી બનાવી હતી. ત્યાર બાદ પાટણના રાજા સિદ્ધરાજે ખીજડાના લાકડામાંથી પલ્લી બનાવી હતી, તેવો ઉલ્લેખ છે. હાલ રૂપાલની પલ્લી બનાવવા માટે બ્રાહ્મણ, વણિક પટેલ, સુથાર, વણકર, વાળંદ, પીજારા, ચાવડા, માળી, કુંભાર વગેરે જેવી અઢાર કોમ સાથે મળીને બનાવે છે. એમ કહો કે, આ પલ્લી સર્વધર્મ સમભાવનું પ્રતિક છે. પલ્લી બનાવવા માટે ગામના વાલ્મીકી ભાઈઓ રથ માટે ખીજડાનું વૃક્ષ કાપીને લાવે છે. તેમાંથી ગામના ભાઈઓ માનો પલ્લીરથ ઘડીને તૈયાર કરે છે. બાદમાં વાળંદભાઈઓ વરખડાના સોટા લાવી રથને ચારેબાજુ બાંધીને કલાત્મક રીતે શણગારે છે. પછી પલ્લીરથને પલ્લીવાળા વાસમાં માનો ગોખ તથા માની છબી ત્યાં લઈ જઈ મૂકવામાં આવે છે. તે જગ્યાને અબોટ કરી ગંગાજળ તથા ગાયના છાણ અને ગૌમૂત્રથી પવિત્ર કર્યા બાદ જ પલ્લી મૂકવામાં આવે છે.ત્યારબાદ કુંભાર પ્રજાપતિ ભાઈઓ પાંચ માટીના કૂંડા પલ્લી ઉપર છાંદી જાય છે. પછી પિંજારો કપાસ પૂરે છે. પંચાલ ભાઈઓ લાકડાના ખીલા આપે છે. માળી ભાઈઓ માતાજીને ફૂલહારથી શણગારે છે, અને આમ માનો સુંદર પલ્લીરથ તૈયાર થાય છે. માતાજીનો પ્રસાદ પંચોલી બ્રાહ્મણ ભાઈઓ રાંધે છે તથા ખીચડો નૈવેધ ધરાવવાની છાબ વાલ્મિકી સમાજના ભાઈઓ તૈયાર કરી ચાવડાને ત્યાં આપી આવે છે. આમ ગામમાં વસતા અઢારે આલમના લોકો માની શક્તિ મુજબ સેવા કરે છે.પાંડવ કાળથી શરૂ થયેલી વરદાયની માતાની પરંપરા આજે પણ રૂપાલ ગામમાં જીવંત છે. પ્રતિવર્ષ નવમા નોરતે માતાની પલ્લી ભરાય છે. વરદાયીની માતાની પલ્લી સાથે ત્રણ જેટલી દંતકથાઓ જોડાયેલી છે. વરદાયીની માતા દેવસ્થાન સંસ્થાના કહેવા પ્રમાણે ત્રેતા યુગમાં ભગવાન શ્રી રામચંદ્ર, પિતાની આજ્ઞા પાળવા વનમાં ગયા. ત્યારે તેમણે ભરત મિલાપ બાદ શ્રી શ્રૃંગી ઋષિના આદેશથી લક્ષ્મણ તથા સીતામાતા સહિત શ્રી વરદાયીની માતાજીના દર્શન કરી પુજા અર્ચના કરી પ્રાર્થના કરતાં શ્રી વરદાયીની માતાજીયે પ્રસન્ન થઈ ભગવાન શ્રી રામચંદ્રને આશીર્વાદ આપી શક્તિ નામનુ એક અમોધ દિવ્ય અસ્ત્ર આપ્યુ. લંકાના યુદ્ધમાં ભગવાન શ્રી રામચંદ્ર આજ બાણથી અજેય રાવણનો વધ કર્યો.

# વિજયાદશમીના પાવન અવસરે સુરત પોલીસ હેડક્વાર્ટર ખાતે શસ્ત્ર પૂજા કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી



સુરત:મંગળવાર:- ગૃહરાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વિજયાદશમીના અવસરે સુરત શહેરના પોલીસ હેડકવાર્ટર ખાતે પોલીસ જવાનો સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શસ્ત્રપૂજન કર્યું હતું.

ગૃહરાજ્યમંત્રીશ્રીએ રાજયના નાગરિકો, સૌ સુરક્ષા કર્મીઓને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, વિજયાદશમીનું પવિત્ર પર્વ આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતિક છે. દશેરા એટલે ખામીઓ સામે ખૂબીઓનો વિજય એમ જણાવી નકારાત્મકતાના રાવણનું દહન કરીને હૃદયમાં સકારાત્મકતાની જ્યોત પ્રગટાવવા આહ્વાન કર્યું હતું.

તેમણે રાજયમાં છેલ્લાં બે વર્ષથી ડ્રગ્સના દૈત્યને નાથવાનું અને ડ્રગ્સ રેકેટનો સંપૂર્ણપણે સફાયો કરવાનું અભિયાન ચાલી રહ્યું હોવાનું જણાવી રાષ્ટ્ર, રાજયના લોકોની રક્ષા, સમાજ સુરક્ષા માટે પોલીસ દળની કર્તવ્યપરાયણતાને બિરદાવી હતી.

આ પ્રસંગે પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર, જોઈન્ટ પોલીસ કમિશનર શ્રી વાબાંગ ઝમીર, જોઈન્ટ પોલીસ કમિશનર(ટ્રાફિક)શ્રી એચ. આર. ચૌધરી એડિશનલ પો. કમિશનર(ક્રાઈમ) શ્રી શરદ સિંઘલ, એડિશનલ પો. કમિશનર(સેક્ટર ૧) શ્રી કે.એન. ડામોર સહિત તમામ ડી.સી.પી., એ.સી.પી.શ્રીઓ અને પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પલ્લી મેળામાં ઘીના ૩૨ જેટલા નમૂના લેવાયા

ગાંધીનગર : રૂપાલની પલ્લી પર માઈભક્તો શ્રધ્ધા સાથે ઘીનો અભિષેક કરે છે પરંતુ ઘણા લોકો પલ્લી મેળામાં ભેળસેળવાળું ઘી વેચતા હોય છે.ત્યારે ભક્તોની આસ્તા સાથે કોઇ છેતરપિંડી ન કરે તે માટે ફુડ એન્ડ ડ્રગ્સની ટીમ દ્વારા અહી ઘીના નમૂના લઇને તેનું ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે. પલ્લી નિકળી તે પહેલા સુધી એટલે કે, મોડી રાત સુધી તંત્રની ટીમો દ્વારા બ્રાન્ડેડ કંપનીના ૩૦થી વધુ સેમ્પલ લીધી હતા અને તેને પરીક્ષણક કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર તાલુકાના રૂપાલમાં નોમની રાત્રે નિકળતી પલ્લીની પાંચ જયોત ઉપર હજ્જારો નહીં પણ લાખ્ખો લીટર ચોખ્ખો-શુધ્ધ ઘીનો માઇભક્તો પોતાની યથાશક્તિ અભિષેક કરે છે. જેનાથી ગામની શેરીઓમાં ચોખ્ખા ઘીની રીતસરની નદીઓ વહેતી હોય છે ત્યારે માઇભક્તોની આસ્થા સાથે છેતરપિંડી ન થાય અને ઘીની ગુણવત્તા યોગ્ય હોય તે ચકાશવા માટે ફુડ એન્ડ ડ્રગ્સની ટીમોએ સોમવારે સવારથી જ ગામમાં ધામા નાંખ્યા છે. અહીં મેળામાં તેમજ શેરીએ શેરીએ ઘી વેચાતા હોય છે તેનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે.

ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ અને ઇન્સ્પેક્ટરોની સાથે ટેસ્ટીંગ વાન પણ ટીમમાં સામેલ છે. જેના દ્વારા નમૂના લઈને તેનું પરીક્ષણ તેમાં જ કરી દેવામાં આવે છે અને આ ટેકનીકલરીતે સુસજ્જ ટેસ્ટીંગ વાનમાં પરીક્ષણનું પરિણામ પણ તરત મળી જાય છે. જેથી કોઇ સેમ્પલ સબસ્ટાન્ડર્ડ હોય તો તેનું વેચાણ કરનાર સામે કાર્યવાહી પણ કરવામાં આવે છે. રૂપાલમાં પલ્લી નિકળવાની હતી તે પહેલા સુધી ટીમ દ્વારા બ્રાન્ડેડ કંપનીના ઘીના નમૂના ટેસ્ટ કર્યા હતા.૫૦ એમએલથી લઇને ૧૫ કિલો સુધીના પેકીગમાંથી ૩૦થી વધુ નમૂના લેવામાં આવ્યા છે જેને લેબોરેટરીમાં મોકલી દેવાશે.







મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સહાય ફાઉન્ડેશન આયોજિત કેસરિયા ગરબા મહોત્સવ માં ગરબા નિહાળી ગરબા પ્રેમી ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. ગાંધીનગરમાં રામકથા મેદાનમાં યોજાઈ રહેલા આ નવરાત્રી મહોત્સવના આંગણમાં અયોધ્યા માં નિર્માણાધિન ભવ્ય રામમંદિર ની પ્રતિકૃતિ ઊભી કરવા માં આવી છે તેના અને ભગવાન રામચંદ્રજી ની ચરણ પાદુકા ના દર્શન પણ મુખ્યમંત્રીશ્રી એ કર્યા હતા.કેસરિયા ગરબા મહોત્સવ ના આયોજક અને ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટા બહેન પટેલ, શ્રી કેતન ભાઈ પટેલ અને પૂર્વ ધારાસભ્ય અશોક ભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત અભિવાદન કર્યું હતું.ગાંધીનગરના મેયર શ્રી હિતેશ ભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ શ્રી રુચિર ભટ્ટ વગેરેએ પણ મુખ્યમંત્રીશ્રીને આવકાર્યા હતા.

## તંત્રી લેખ......

# ન્યાયમાં વિલંબની ચિંતા

એ પ્રશંસનીય છે કે સુપ્રીમ કોર્ટે ન માત્ર પડતર કેસોના નિકાલમાં વિલંબને લઈને ચિંતા વ્યક્ત કરી, પરંતુ એ કારણોનું નિારણ કરવાની પણ કોશિશ કરી, જેને કારણે લોકોને સમય પર ન્યાય નથી મળી રહ્યો. એ સામાન્ય વાત નથી કે નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુદ્ઘાંમાં પડતર કેસોની સંખ્યા પાંચ કરોડના આંકડાને પાર કરી ગઈ છે. એમાંથી કેટલાક કેસો તો એવા પણ છે કે જે દાયકાઓથી પડતર છે. સુપ્રીમ કોર્ટે જે કેસની સુનાવણી કરતાં ન્યાયમાં વિલંબ પર ચિંતા વ્યક્ત કરી, તે પણ ચાર દાયકાથી વધુ સમયથી ચાલી રહ્યો છે! સુપ્રીમ કોર્ટે એ જોયું કે દેશમાં લગભગ છ ટકા આબાદી પડતર કેસોને કારણે પ્રભાવિત છે, સાથે જ એ પણ માન્યું કે જો ન્યાયમાં વિલંબનો સિલસિલો યથાવત રહે છે તો લોકોનો ન્યાય પ્રક્રિયાથી મોહભંગ થઈ શકે છે. ખરું તો એ છે કે એવું થવા પણ લાગ્યું છે અને તેનું કારણ એ છે કે નાના-નાના કેસોના નિકાલમાં દાયકાઓ વીતી જાય છે. ન્યાયમાં વિલંબથી માત્ર લોકોની પરેશાની જ નથી વધતી, બલ્કે પડતર કેસો કોઈને કોઈ સ્તર પર રાષ્ટ્રની પ્રગતિમાં અડચણ પણ બને છે.

નિશ્ચિતપણે લોકોને સમયસર ન્યાય ઉપલબ્ધ કરાવવા માટે એક સાથે કેટલાય પ્રકારે પ્રયાસ કરવાની જરૂરિયાત છે. જરૂરિયાત માત્ર ન્યાયાધીશોની સંખ્યા વધારવા અને અદાલતોને જરૂરી સંસાધનો ઉપલબ્ધ કરાવવાની જ નથી, બલ્કે તારીખ પે તારીખના સિલસિલાને રોકવાની પણ છે. એની અવગણના ન કરી શકાય કે સાક્ષીઓની ગેરહાજરી, કોઈ યોગ્ય કારણ વિના સ્થગન આપવા અને વકીલોની ભૂમિકાની સાથે અંગ્રેજોના જમાનાની દંડ સંહિતા અને ન્યાય પ્રક્રિયા સંહિતાની ખામીઓ પણ છે. એ સારું છે કે આ બંને સંહિતાઓમાં વ્યાપક સંશોધન અને પરિવર્તન કરવાની પહેલ શરૂ થઈ ગઈ છે, પરંતુ વાત ત્યારે જ બનશે જ્યારે એવી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે, જેનાથી એક નિશ્ચિત સમયમાં ન્યાય આપવો નક્કી કરી શકાશે. જોકે એની જરૂરિયાત હતી કે એ કારણોના મૂળમાં જવામાં આવે કે જેને લીધે કેસો લાંબા ખેંચાતા રહે છે. તેના માટે સુપ્રીમ કોર્ટે તમામ હાઈકોર્ટોને કેટલાક નિર્દેશ આપ્યા છે

# શરદ પૂનમ




ઉમાશંકર જોશીએ કહ્યું છે, ''વેગે ભરી, સરી જતી શુચિ વાદળો પે, હેમંતને શરદ નૂતનવર્ષ સોંપે.''

આવનારા પ્રથમ માસ હેમંતને શરદ નવું વરસ સોંપે છે !! આ શરદ અને વસંત બન્ને ઋતુઓ વરસની સૌથી પ્રિય ઋતુઓ છે. વસંતને ઋતુઓનો રાજા કહીએ, તો શરદને કહીશું ઋતુરાજ્ઞી !! (આરોગ્યશાસ્ત્રીઓને આમાં વચમાં નાખવા જેવા નહીં હો.....એ તો શરદને રોગરાણી કહીને ભાંડશે ! આખા વરસમાં ન હોય તેટલા રોગો આ ઋતુમાં ફાટી નીકળે છે......પણ જવા દો. સ્વાદીષ્ટ ભોજનમાં દુણાઈ ગએલી દાળનો કડછો ક્યાં નાખવો ?!)

આપણે તો વાત કરવી છે આજે મહારાજ્ઞી શારદીની અને એમાંય તે પાછી એની જાજ્વલ્યમાન પૂર્ણિમાની –

– ત્રણચાર માસ સતત ઘેરાઈ રહેલા આકાશને વિદાય આપનારી, મહેનતકશ ખેડૂતોની સખત મહેનતનાં ફળ ખળાં સુધી લાવી દેનારી, કવિઓની કલમને છુટ્ટો દોર આપી દેનારી સર્વપ્રિય એવી પ્રકાશપુંજ શરદપૂનમની !!

કાળાં ડીબાંગ વાદળાંઓથી સતત ઘેરાયેલું રહેતું અષાઢ–શ્રાવણ માસનું આકાશ નવરાત્રિઓ આવતાં સુધીમાં ચોખ્ખું થવા લાગ્યું હોય છે; એવે ટાણે પૂર્ણતા તરફ જવા મથી રહેલા ચન્દ્રનું અજવાળું નિરભ્ર બની રહેલા આકાશને નાનું–સાંકડું પડે તે સહજ છે. આવા સમયે અગણિત સંખ્યામાં ઠેરઠેર પ્રગટતા રહેતા ગરબા(ગર્ભદીપ)નાં છિદ્રોમાંથી તે પ્રકાશ મેળવતું હશે ? દિવાળીનાં કોડિયાંને પ્રગટવાને તો હજી ઘણી વાર છે.

નવ રાત્રિઓ સુધીમાં ચન્દ્રનું કદ પણ પૂરતુ ક્યાં વિકસ્યું હોય છે ? વાદળાં વિનાનું આકાશ પૂર્ણચન્દ્રની રાહમાં હોય છે. નવરાત્રિઓનાં ગરબાગીતોની રમઝટ હવે નથી. સર્વત્ર છવાતી જતી શાંતિ કશીક અધુરપ અનુભવે છે.

દિવસે તો ખેતરોમાંથી ખળાં તરફ વહી રહેલાં નવલાં ઉત્પાદનો ખેડુતોના ચહેરે વિલસી રહે છે ને દિવસનાં અજવાળાં તો આવી રહેલી ખેતસમૃદ્ધિના નશામાં હોઈ શકે છે. પણ રાત્રિ ? એની પાસે આ સમૃદ્ધિને ઉત્સવવા માટેનું કોઈ ઉપકરણ નથી !

આવે સમયે આવી ચડેલો પૂનમનો ચન્દ્ર બધી અધુરપોને ચાંદનીના ધોધમાર પ્રકાશથી છલકાવી દે છે. એક જ રાત, એક જ રાતનું એનું સામ્રાજ્ય પૂરી શરદને આખા વરસની સૌથી યાદગાર ઋતુ બનાવી મૂકે છે !! વરસભરમાં આવતી કુલ મિલાકે બાર બાર પૂનમોમાંની સૌથી વહાલસોઈ પૂનમ બની રહે છે.

ને એ જ વહાલસોયી પૂનમનો, કૃષ્ણના સમયનો, એની હાજરીમાં પ્રયોજાયેલો રાસ ! અહીં યાદ આવ્યા વિના રહે ખરો ?!

પ્રકૃતિ અને પુરુષનો અવસર; મહેનતકશ માનવી અને મહેનતનાં ફળ વહેંચનાર કુદરતનો અવસર; દિવસના પુરુષાર્થ અને રાતના ભોગવટાનો અવસર; માનવીના મનમાં રહેલાં રતિ અને પૌરુષત્વભાવોને પ્રગટાવવાનો અવસર જ જાણે આ રાસ.

આપણા ખેતીપ્રધાન દેશમાં પાણીની સદા ખેંચવાળા પ્રદેશોમાં વરસાદ એકમાત્ર આધાર હોઈ ચોમાસાના અંત ભાગે આવતી શારદીપૂનમ અને તરત પંદર દિવસ પછી આવનારી દિવાળી આ આકાશી ખેતીનાં મીઠાં ફળોથી છલકતાં ખળાંને ઉત્સવવાના તહેવારો છે.

દર બાર માસે પૂરા થતા આપણા ઋતુચક્રની સરખામણીએ સતત ઘૂમતું રહેતું બ્રહ્માંડ; પોતાની ધરી પર ને એકબીજાની ફરતે ફરી રહેલાં સૂર્યો, ગ્રહો, ઉપગ્રહોનો વર્તુળાકાર રાસ આપણા રાસોની પ્રેરણા છે. એ જ તો રાસગંગોત્રી છે. હજારો વર્ષ સુધી નિરખતાં રહીને માનવીએ બ્રહ્માંડના એ રાસને પ્રતીકાત્મકરૂપે અપનાવ્યો હશે. કૃષ્ણે આ તેજરાત્રિને મહારાસની ભેટ આપીને ચિરંજીવી બનાવી દીધી !

કૃષ્ણના મહારાસના કેન્દ્રમાં કૃષ્ણ છે. પરિઘ પર એક ગોપી અને એક કૃષ્ણ છે. દરેક ગોપી અને દરેક કૃષ્ણ કેન્દ્રીય કૃષ્ણ સાથે ચક્રના આરારૂપે સંજોગાયેલાં છે. સુદર્શન ચક્ર જ જોઈ લ્યો ! વિનાશકારી – ખંડનાત્મક નહીં પણ રચનાત્મક ચક્ર. સુ–દર્શન રાસચક્ર !

કેન્દ્રીય બ્રહ્મની સાથે આરાઓથી સંજોગાયેલાં પુરુષ અને પ્રકૃતિ; શિવ ને જીવ; પરમાત્મા ને આત્માનું જ જાણે પ્રતીકાત્મક એવું દિવ્ય, ભવ્ય ને નવ્ય રાસરૂપ !!

શરદપૂનમનું માહાત્મ્ય આથી બીજું વધુ શું હોઈ શકે ?!

–જુગલકિશોર.

# માણાવદરની ગિરિરાજ નગરની ઉમિયા ગરબી મંડળ ની બાળાઓને ચારવી બ્યુટી ઝોન તરફથી ઇનામોની લાહણી કરાઇ



માણાવદરની ઉત્તર વિભાગની સોસાયટી ગિરિરાજ નગરમાં છેલ્લા ૩૪ વર્ષથી અખંડ રીતે કાર્યરત રહેલી ઉમિયા ગરબી પ્રાચીન અર્વાચીન રાસની પ્રેરણાતા ગરબી મનાઈ છે. આ ગરબીમાં એ અને બી એમ બે ગ્રુપોના વિભાગ કરવામાં આવ્યા છે જેમાં ધોરણ ત્રણ થી સાત ની બાળાઓ કોઈ જાતની પૂર્વ તાલીમ લીધા વિના મૌલિક રીતે પોતાના નિર્દોષ ભાવના ગરબા રાસની અભિવ્યક્તિ કરે છે. આ ગરબીની વિશેષતા તેનો ચકલા રાસ છે જેમ દરેક ગરબીમાં પોતપોતાનો માનીતો રાસ હોય છે દા.ત. ડાકલા રાસ, ભૈરવ રાસ, ચૂંદડી રાસ. તેમ અહીંનો ચકલા રાસ છે આ રાસે મોટું આકર્ષણ ઊભું કર્યું છે.

આ ગરબીના નિર્દોષ મૌલિક રાસ ગરબા તથા ચકલા રાસ વગેરે જોઈને માણાવદરમાં ચારવી બ્યુટી ઝોન ચલાવતા કિરણબેન પટેલ તરફથી તેમની કલાકાર પુત્રી કુમારી ચારવીબેન પટેલ ના વરદહસ્તે આ ઉમિયા ગરબી મંડળની ૧૨૦ નાની નાની બાળાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરી હતી. ચાર્વીની ઉંમર ૧૦ વર્ષની છે પરંતુ તેનામાં રહેલી આંતરિક સૂઝબુજ અને કલા પ્રત્યેના લગાવે આ વર્ષે નવરાત્રી દરમિયાન તેમણે સાતેક જેટલા પારિતોષિક, શીલ્ડો જીત્યા છે અને માણાવદરની જનતામાં કલાશક્તિને ભીતરથી બહાર લાવવા મોટો મેસેજ આપ્યો છે

# અર્ચના નિકેતન શાળા આયોજિત શક્તિ નિકેતન 2.O નવરાત્રી રાસ ગરબા મહોત્સવ યોજાયો

વરાછા સ્થિત અર્ચના નિકેતન શાળા આયોજિત શક્તિ નિકેતન ર.ં નવરાત્રી રાસ ગરબા મહોત્સવ રંગે ચંગે ઉજવાયો હતો. નવરાત્રિ રાસ ગરબાની સાથે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું તેમજ ચાર વર્ષના બાળ કલાકાર પંડિત પ્રયાણ રાવલ દ્વારા શ્રીરામ સ્તુતિ અને શિવ તાંડવ રજૂ કરી જે સાંભળી સૌ મંત્રમુગ્ધ બની ગયા. ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, કોર્પોરેટ મનીષાબેન આહીર,રૂપાબેન પંડ્યા,




રાજેશભાઈ જોળીયા, અશોકભાઈ બાંભણિયા, કિશોરભાઈ બાંભણિયા, જીગ્નેશભાઈ, કચ્છી, કૃષ્ણમુરારી શર્મા મુખ્ય મહેમાન તરીકે આવી કાર્યક્રમની શોભામાં ચાર ચાંદ લગાડ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ટ્રેડિશનલ કપડામાં ગરબાની રમઝટ બોલાવી હતી. શાળાના ટ્રસ્ટી ધીરુભાઈ પરડવા, નિયામક ચંદુભાઈ ભાલીયા,આચાર્યશ્રી ડૉ. રજિતા તુમ્મા, શાળાના શિક્ષકો દ્વારા શાળાના શ્રેષ્ઠ ખેલૈયા વિદ્યાર્થીઓ અને વાલીઓને, લકી ડ્રો વિજેતાઓને શિલ્ડ આપી સન્માનિત કર્યા હતા. એન્કર જલ્પેશ નકુમ અને પૂર્વી ચૌહાણ કાર્યક્રમને ખૂબ જ ઉત્સાહી અને રોમાંચિત બનાવ્યો હતો. શાળા દ્વારા શરૂ કરવામાં આવેલ શહીદ શોર્ય દાન પ્રવૃત્તિ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું અને લોકોએ તેમને ખૂબ સારો પ્રતિસાદ કર્યો.

# આ દશેરાએ રાવણનું પૂતળું નહીં બળે કે શું ???

એક વાત કહું છું . ખોટું લાગે તો માફ કરજો.( આવું લખવાથી લેખ ચોટદાર અને અસરકારક બને છે. માફી માંગનાર મહાન છે.એટલે લેખક આપોઆપ મહાન આદમીના લિસ્ટમાં આવી જાય છે!!)ભગવાન રામને મહાન કોણે બનાવ્યા? ઓફ કોર્સ લંકેશ રાવણે!!જો રાવણ દ્વારા સીતામાતાના અપહરણ અને ક્રિયાની પ્રતિક્રિયા સમાન રામ રાવણ યુધ્ધનું પ્રકરણ રામના જીવનમાંથી દૂર કરવામા? આવે તો ભગવાનનું જીવન સામાન્યજન જેવું સાધારણ રાજન જેવું, આરોહ અવરાહ વિનાનું ચિલાચાલું, શુષ્ક થઈ જાય. બેશક વિશ્વામિત્ર ઋષિના યજ્ઞનીઅભિરક્ષાર્થે આઉટર્સોસિંગ ધોરણે પ્રભુ ગયેલા અને બેચાર રાક્ષસોનો વધ કરેલ. પ્રભુએ ચૌદ વરસના વનવાસ છૂટક છૂટક ધોરણે અને સેમી જથ્થાબંધ ધોરણે દૈત્યોનો સંહાર કરેલો. પરંતુ, ખરી કીર્તિ તો રાવણને હણ્યા પછી મળી હતી. આમ, જોઇએ તો એ સમયના ખંડકાળમાં સ્ત્રીના અપહરણ પોલીસ સ્ટેશનમાં ગુના અંગે જાણવા જોગ અરજી આપવા જેટલા સર્વસામાન્ય અને સર્વ વ્યાપક હતા.યુધ્ધ જેવી વિભીષિકા પશ્ચાત્ પરાજિત રાજ્યની સંપતિ, સ્ત્રીઓની સરેઆમ લૂંટફાટ થતી હતી , જેનો ઈન્કાર થઈ શકે તેમ નથી!!

રાવણ અતિ વિદ્વાન વિપ્ર હતો. રાવણ અતિ સાહસિક પુરૂષ હતો. તેની સિધ્ધિઓ અસામાન્ય હતી. ભોળા શંકરને પ્રસન્ન કરવા માટે ઉગ્રતમ તપશ્ચર્યા કરી હતી. જેના ભાગરૂપે કૈલાસ પર્વત ઊંચકવાનું અપ્રતિમ સાહસ કર્યું હતું. એ સમયે સોશિયલ મિડીયા હાલના જેટલું સક્રિય ન હતું અને રાવણનું આઈટી સેલ પ્રચાર કરવામાં ઊણું ઉતર્યું હતું, અન્યથા હર ઘર રાવણનો પ્રચંડ નારો ગુંજતો હોત તેમાં શંકાને કોઈ સ્થાન નથી.રાવણનો વૈભવ અદાણી અને અંબાણી કરતાં શ્રેષ્ઠતમ હતો.ધન કુબેર ( જે કે તેનો સ્ટેપ બ્રધર હતો એવું કહેવાય છે!) પાસેથી પુષ્પક વિમાન છીનવી લીધું હતું. એ સમયે પૃથ્વી પર ચાર્ટર પ્લેન માત્ર અને માત્ર રાવણ પાસે હતું. જો કે એમાં ઈંધણ ભરવા આઈઓસી કે ભારત પેટ્રોલિયમના પંપ હતા કે શી વ્યવસ્થા હતી તેનો ક્યાંય ઉલ્લેખ નથી.

ગ્રહો આટલા દૂર હોવા થતાં આપણી જન્મ કુંડળીમાં બળજબરીથી પ્રવેશ કરે છે. માર્ગી કે વક્રી ચાલે ચાલીને આપણું જીવન ઉલટપલટ કરે છે. શનિ મહારાજ તો સાડા સાતી કે અઢી વરસની પનોતી કે ઢૈયારૂપે પ્રવેશ કરીને ટોરનેડો વાવાઝોડા જેવી અસરો સર્જે છે!! આવા અળવીતરા ગ્રહો માત્ર અને માત્ર રાવણ પાસે મિયાની મીંદડી થયા હતા .સાહેબ નવે નવ ગ્રહ આંખ ઝુકાવીને નતમસ્તકે રાવણ સન્મુખ અદબભેર ઉભા રહેતા હતા. રાવણના ભ્રકુટી વિલાસની પ્રતીક્ષા કરતા હતા ( લો ઠોકો તાલી. આવી સિચ્યુએશન પ્રભુ પણ ક્રિએટ કરી શકયા ન હતા!)

ભગવાન રામને રામેશ્વરમાં યજ્ઞયજ્ઞાદિ જેવી વિધિ કરાવવાની હતી. એ સમયે પુરોહિતની આવશ્યકતા ઉપસ્થિત થઈ હતી.એ સમયે રાવણ સંકટ સમયની સાંકળ બનેલા. લંકાધીશ હોવા છતાં ગોરમહારાજનો સાઈડ બિઝનેસ કરી બે સોનામહોર મેળવી બે પાંદડે થવાની કોશિશ કરતો હતો. રાવણે યજ્ઞની શાસ્ત્રોક્ત રીતે વિધિ વિધાનપૂર્વક વિધિ સંપન્ન કરાવી હતી. યજ્ઞાંતે રામને વિજયી થવાની આશીર્વાદ આપેલા. દુશ્મનને આશીર્વાદ આપવાનું ઔદાર્ય કેવળ અને કેવળ રાવણ પાસે હતું. કદાચિત રામ ભગવાન પણ આ પ્રકારનું યથોચિત ઔદાર્ય દાખવી શકયા હોત કે કેમ તે સવાલ છે!!રાવણ મહાન નીતિન પણ હતો. રાવણ જ્યારે આખરી શ્વાસ લેતો હતો .ત્યારે ભગવાન રામે અનુજ લક્ષ્મણને રાજનીતિના પાઠ શીખવા મોકલે હતો. અલબત, લક્ષ્મણજીએ રાજા બન્યા ન હતા. તેથી રાજનીતિના પાઠ કેટલા ઉપયોગી બન્યા તેનું ઔચિત્ય શું રહ્યું તે અલગ વિચારણાનો મુદો છે!!

કોઈ પણ સાથે દુશ્મની કે વેર તે વ્યકિતના મરણપર્યંત હોય કે હોવું જોઈએ. સદીઓ પહેલાં ભગવાન રામ- રાવણનું યુધ્ધ થયેલું. રામ ભગવાને રાવણનો વધ કરેલો. સીતા માતાજીની અગ્નિ પરીક્ષા કરાવ્યા પછી સજોડે પુષ્પક વિમાનમાં અયોધ્યા પરત આવેલા.પછી રાવણનો છાલ છોડવાનો હોય કે નહીં??માણસ કોઇ ગુનો કરે અને કાયદાકીય પ્રક્રિયા પૂરી કર્યા પછી ગુનેગારને સજા કરે કે બાઈજજત બરી કરે. ગુનેગારને સજા થયા પછી તે જ ગુના માટે ફરી અને વારંવાર સજા કરી શકાતી નથી. રાવણે કરેલ ગુના માટે ભગવાને સજા આપી દીધી પછી તેનો છાલ છોડવો જોઈએ કે નહીં!પણ આપણે રાવણનો છાલ છોડતા જ નથી.

આપણે અમેરિકન પ્રમુખ જહોન કેનેડી, મહાત્મા ઈંદિરા ગાંધી, રાજીવ ગાંધીના હત્યારાને કોર્ટે સજા આપી દીધા પછી તેમની પાછળ લસણ-આદુ ખાઈને પાછળ ( પાછળ પડવા માટે હરહંમેશ શું આદુ ખાવું જરૂરી હશે??આવું વિધાન કરવાનો શો અર્થ હશે??) મહાત્મા ગાંધીના હત્યારાનો પૂતળાદહન દર ત્રીસમી જાન્યુઆરીએ કરતા નથી, તો પછી દશેરાના દિવસે રાવણનું પૂતળું શા માટે બાળવું જોઈએ?? હવે તો ગોડસેને ચાહનારા અને પૂજનારાની સંખ્યા કૂદકે ને ભૂસ્કે વધતી જાય છે!! ગોડસેના મંદિરો અને મૂર્તિઓ પણ મુકાય છે!!! એમ તો દક્ષિણ ભારતમાં રાવણનું મંદિર છે. રાવણને પૂજતી વ્યકતિઓ પણ નોંધપાત્ર છે. રાવણ આજના રાવણ જેવો રાવણ ન હતો!!! કેમ કે, સિતામાતાનુ અપહરણ કર્યા પછી લંકાના મહેલમાં લઈ જવાના બદલે સિતામાતાને અશોકવાટિકામાં રાખ્યા હતા. સિતામાતાજી સાથે અણછાજતી હરકત કરેલ ન હતી.

રામે રાવણ પર મેળવેલ વિજયને આસુરી શકિત પર દેવી શક્તિના વિજય તરીકે ગણવામાં આવે છે.જેની યાદમાં દેશના શહેરોમાં નાનીમોટી સાઈઝના રાવણના પૂતળા ફૂંકવામાં આવે છે. કિન્તુ, આસુરી વૃત્તિનું નિર્મૂલન થવાના સ્થાને ઉન્મૂલન થઈ રહ્યું છે!! આટલા વરસો તો રાવણ વાંધા વિરોધ વિના પૂતળા સ્વરૂપે બળતો રહ્યો. ભલે, આબાલવૃદ્ધ પૂતળા દહનનો તામસિક આનંદ લે!! કેમ કે,રાવણને કોઈનો ટેકો અગર સમર્થન ન હતું. હવે આ વરસે કદાચ રાવણ ઘસીને પૂતળા સ્વરૂપે બળવાનો સાફ ઈન્કાર કરશે તો નવાઈ પામશો નહીં. તમને થશે કે એવું શું બન્યું કે રાવણનો નૈતિક જુસ્સો વધી ગયો!!!

વાત જાણે એમ છે કે નખત્રાણાના વિપ્ર સમાજે રામના હાથે રાવણને મરવાનો દૈવી અભિશ્રાપ.રામને હાથે મરવાનું સદભાગ્ય રાવણને મળેલ હતું . રાવણ મહર્ષિ કળાનો અતિ વિદ્વાન બ્રાહ્મણ હતો . તેથી તેનું પૂતળું બાળવું ન્યોયોચિત નથી. નખમાણામાં રાવણના પૂતળાના દહનનો વિરોધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.રાવણના પક્ષે સહાનુભૂતિ વધી રહી છે!!!

દર વરસે દશેરાના દિવસે રાવણની જગ્યાએ રાજુ રદીનું જીવતાજીવ પૂતળું બાળવાનું અમારું સૂચન છે!!

ભરત વૈષ્ણવ

# શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન દ્વારા આપના ઘર, દુકાન, ઓફિસ, ગોડાઉન, ફેકટરીમાં આકર્ષક દાન પેટી મુકી જીવદયાનું પુણ્ય કમાવવા અપીલ.

શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ— એનીમલ હેલ્પલાઈન દ્વારા આપના ઘર, દુકાન, ઓફિસ, ગોડાઉન, ફેક્ટરીમાં આકર્ષક દાનપેટી મૂકી જીવદયાનું પુણ્ય કમાવવા અપીલ કરવામાં આવી છે.

અત્રે ઉલેખનીય છે કે સમગ્ર ભારતની નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર ક્ષેત્રની નંબર વન સંસ્થા. જીવદયા ક્ષેત્રે ભારત સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ— એનીમલ હેલ્પલાઈને ૧૯ વર્ષની જીવદયા યાત્રા પૂર્ણ કરી છે. ૧૧ એમ્બ્યુલન્સ, ત્રણ બાઈક એમ્બયુલન્સ તેમજ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં ૯ લાખ જેટલા જીવોની વિનામૂલ્યે સ્થળ ઉપર જ સારવાર કરવામાં આવી છે. જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, મોરબી, વેરાવળ, બોટાદ સહિતના ૩૦ સેન્ટરોમાં એનીમલ હેલ્પલાઈન ચાલુ કરાવવામાં રાજકોટની ટીમ નીમીત બની છે. વાર્ષિક પાંચ કરોડના માતબર ખર્ચે સેવારત નિઃશૂલ્ક એનીમલ હેલ્પલાઇન, નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ, શેલ્ટર



(પાંજરાપોળ) તથા અન્નક્ષેત્ર સેવારત, વિશ્વનું સૌપ્રથમ એવું, પશુ-પક્ષીઓ માટેનું રોજીંદુ 'હરતુ ફરતુ અન્નક્ષેત્ર' પણ સેવારત છે. સમગ્ર ભારતમાં— વિશ્વમાં આ પ્રકારની હેલ્પલાઇન ચાલુ થાય તેવું ધ્યેય, સંસ્થા દ્વારા રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ જીવદયા, ગૌસેવા, અભયદાન, શાકાહાર, જીવરક્ષા પ્રવૃતિઓનોસતત પ્રચાર-પ્રસાર, ગૌમાતામાં વ્યાપ્ત લમ્પી રોગની ૨૦,૦૦૦ જેટલી ગૌમાતાઓને સમગ્ર ગુજરાત તથા રાજસ્થાનમાં લમ્પી રોગથી બચાવવા રસીકરણ કરાયું છે. સારવાર અપાઈ છે.

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ અને ૩૧ ઓક્ટોબરે ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા

અમદાવાદ,તા.૨૪

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ અને ૩૧ ઓક્ટોબરે ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. તેઓ ૩૦ ઓક્ટોબરે મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપશે અને ૩૧ ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે એકતાનગરની મુલાકાત લેશે, એમ રાજ્ય સરકારના સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે વડા પ્રધાન તેમના વતન, વડનગરની નજીક સ્થિત ખેરાલુમાં એક કાર્યક્રમમાં શિલાન્યાસ અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરે તેવી અપેક્ષા છે. પીએમ ત્યાં જાહેર સભાને પણ સંબોધશે, એમ સૂત્રોએ ઉમેર્યું હતું.

૩૧ ઓક્ટોબરના રોજ, પીએમ મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટીના સ્થળ એકતાનગરની મુલાકાત લેશે, જ્યાં તેઓ એકતા દિવસ અથવા રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એક કાર્યક્રમની અધ્યક્ષતા કરશે.આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસીય ગુજરાતની મુલાકાતે છે. શાહે આજે ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ઈફકોના નવા ડાયમોનિયમ ફોસ્ફેટ પ્લાન્ટનું ઉદઘાટન કરશે અને અન્ય કાર્યક્રમોમાં પણ હાજરી આપશે.



## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 0050**
વિષય - સ્વરચિત ગરબો
શીર્ષક - માંડી પધારો.
શબ્દો -
કવિયત્રી - રાગીની શુક્લ "રાગ"
મુંબઈ
.......................................
સાખી..
હે મા અંબા ભવાની આરાસુરની અંબે મા તમે આવો...!
હે ..હે.. આશા પુરો માવડી આશાપુરા...!
કરોડના માવડી આશાપુરા મા..!

સ્તુતિ
પધારો.. રે પધારો... રે ..!
મા અંબે અમ આંગણે પધારો રે...!
ભક્તોનાં હૈયાની આશ પૂરી કરો રે..!
રંગબેરંગી રંગોની રંગોળી પુરાવી રે...!

ઝગમગતા દીવડાંથી આરતી ઉતારું રે...!
રૂડા મખમલના આશન
બિછાવુ રે...!
આસોપાલવનાં તોરણીયા બંધાવું રે..!
મારગડામાં અત્તરિયા છંટાવુ રે...!

કેસર કેરું કઢીયલ દુધ રે બનાવવું રે...!
હારને ગજરો બનાવ્યાં રે...! હૈયાનાં હેતથી રે.!
સજાવી મેં તો આરતી ની થાળી ખૂબ પ્રેમથી રે..!

ચોસઠ જોગણીઓ ભેરા રે પધારો રે...!
અમ દ્વાર રે..!
હું તો બોલાવું પ્રેમથી પધારો રે..!
પધારો.. રે, પધારો... રે...!
અમ આંગણે પધારો રે..!

રાગીની શુક્લ "રાગ"
સ્વ રચિત છે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153**
વિષય: "શરદપૂનમ"
શીર્ષક:"પૂનમ અને અમાસ"
પ્રકાર:પધ્ય. શબ્દો:૧૪૨
લેખકનું નામ: જિતેન્દ્ર શાહ.

શરદપૂનમ નાં ચાંદ જેવી તું, અને અમાસ ની રાત જેવો હું. જામે ક્યાંથી મેળ આપડો, સૂરજ પુરો દિવસ શોધતો રહ્યો બાપડો. તું તો તારી બહેનપણી તારલડાં ની સંગ નાચતી રહી, અને હું તો મારાં મિત્ર ને સંગ તને શોધતો રહ્યો. તારી આંખમાં પ્રેમ -પ્રકાશ હું વાંચતો રહ્યો, ને પુરું નભમંડળ હું જાંચતો રહ્યો. મારાં પ્રેમનો અણસાર તારાં દિલમાં જેમ- જેમ આવતો ગયો,તારો તરવરાટ મારાં દિલને હલાવતો ગયો. તે તારાં માત-પિતા ને કરી છે જાણ, તેનાંથી હું છું અનજાન.પ્રેમની એવી રાખીએ ધાર કે કુટુંબ નાં થઈને રહીએ આધાર.મારા માત-પિતા તો રાહ જોઈ ને બેઠાં છે,સમજી લેને કે તારાં માટે દિલ ખોઈને બેઠાં છે.જો તારાં માત-પિતા ની હોય "હા"તો મારાં માત-પિતા વતી માનજે આભાર.આપણે બંન્ને એકબીજાં નાં કુટુંબનાં થઈને રહીએ આધાર,એજ આપણાં બંન્નેનાં જીવનનો સાર.



અમદાવાદ એરપોર્ટ-ગાંધીનગર રોડ સ્થિત નારાયણી હાઈટ્સ છેલ્લા ૨૮ વર્ષોથી નવરાત્રિ દરમ્યાન ભિન્ન-ભિન્ન પ્રકારના ગરબા આયોજિત કરનારૂ હોટલ તથા ક્લબ છે.નારાયણી હાઈટ્સમાં ગઈકાલ તા.૨૨-૧૦-૨૦૨૩ના રોજ અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે ઉપસ્થિત રહ્યા. તેઓના હસ્તે માં અંબેની આરતી કરવામાં આવી. તેમજ તેઓ માં અંબાના ગરબે ઝૂમ્યા.

# માણસા ખાતે રૂ. ૧૩ કરોડના ખર્ચે તૈયાર થનાર અદ્યતન રમત ગમત સંકુલનું ભૂમિપૂજન કરતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ



--------
**ગાંધીનગર લોકસભા ક્ષેત્રના તેમજ ગુજરાત અને સમગ્ર દેશવાસીઓને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવતા શ્રી અમિતભાઇ શાહ**
----------
**રમત ગમત સંકુલ વિસ્તારના યુવાઓને તાલીમ માટેની ઉત્તમ સુવિધાઓ સાથે કૌશલ્યને નીખારવામાં અત્યંત ઉપયોગી પુરવાર થશે**
----------
**ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં ભૌતિક વિકાસની સાથે માનવીય મૂલ્યો અને પર્યાવરણ જતન માટે પણ પ્રયત્નશીલ શ્રી અમિતભાઇ શાહ**

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે અદ્યતન રમત ગમત સંકુલનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતુ.

આ ઉપરાંત શ્રી શાહે માણસા ખાતે જ ગરીબો, જરૂરિયાતમંદ લોકો માટે કોઈપણ વ્યક્તિ ભૂખ્યું ન સુવે તેવા ઉમદા હેતુસર શાંતિબા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્વર્ગીય માતૃશ્રી કુસુમબાની સ્મૃતિમાં ચલાવવામાં આવતા નિઃશુલ્ક આહાર કેન્દ્ર ‘કુસુમબા અન્નક્ષેત્ર‘ ખાતે ગરીબો સાથે ભોજન લીધું તેમજ ખબર-અંતર પૂછ્યા હતા.

માણસા ખાતે અર્બન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના યુવક સેવા, સાંસ્કૃતિક અને રમત ગમત વિભાગ તથા સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સ્પોર્ટસની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા માટે રૂ. ૧૩૦૫ લાખના ખર્ચે આ અદ્યતન રમતગતમ સંકુલનું નિર્માણ કરવામાં આવનાર છે. આ સંકુલમાં રમતગમતને લગતા ઈન્ડોર મલ્ટીપર્પઝ હોલ ઉપરાંત ૪૦૦ મી. એથ્લેટિક ટ્રેક સાથે ગ્રાસી ફૂટબોલ ગ્રાઉન્ડ, બે ટેનિસ કોર્ટ, બે વોલીબોલ કોર્ટ, બે બાસ્કેટ બોલ કોર્ટ, બે કબડ્ડી ગ્રાઉન્ડ સાથે ખો-ખો ગ્રાઉન્ડ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ સંકુલમાં ઈન્ડોર રમતો ઉપરાંત અન્ય રમતોના મેદાન બનાવવા માટે કુલ- ૧૫,૨૨૬ ચો.મીટર જગ્યા છે. ઈન્ડોર મલ્ટીપર્પઝ હોલનો કુલ બિલ્ટઅપ વિસ્તાર ૨૯૦૦ ચો.મીટર છે. તેની સાથે આ સંકુલમાં ઈન્ડોર મલ્ટીપર્પઝ હોલમાં વિવિધ સુવિધાઓ જેવી કે, ૪ બેડમિન્ટન કોર્ટ, ૮ ટેબલ ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલ તથા વોલીબોલનાં કોર્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.રમત ગમત માટેના આ પ્રકલ્પને પરિણામે વિસ્તારના યુવાઓને તાલીમ માટેની ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાની સાથે કૌશલ્યને નીખારવામાં અત્યંત ઉપયોગી પુરવાર થશે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં ભૌતિક વિકાસની સાથે માનવીય મૂલ્યોનું જતન થાય અને પર્યાવરણીનું સંવર્ધનની દીર્ઘ દ્રષ્ટિ સાથે શ્રી શાહના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ વિકાસનો રોડમેપ આગળ વધી રહ્યો છે.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ મહામંત્રી શ્રી રજનીકાંત પટેલ, મહેસાણાના સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, માણસા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી પ્રિયંકાબેન પટેલ, સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટીનાં પ્રમુખ શ્રી શેઠશ્રી ધીરેન્દ્ર શાહ અને મંત્રી શ્રી ડો. વી.એન.શાહ, પૂર્વ ધારાસભ્ય શ્રી અમિત ચૌધરી, માણસાના સ્થાનિક અગ્રણીઓ, ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, કોલેજ પરિવાર, નેશનલ કક્ષાએ રમતગમતમાં મેડલ મેળવનાર ખેલાડીઓ, પદાધિકારીઓ સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા..

# ચાણસ્માના વસઈ ગામે ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું.



હિન્દુ સંસ્કૃતિ મુજબ હિંદુ ધર્મમાં દરેક તહેવાર માન સન્માન સાથે ભારે હર્ષોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવે છે ત્યારે આસો માસમાં આવતી દશમ એટલે કે વિજયાદશમીને પણ માનભેર ઉજવવામાં આવે છે ત્યારે આજરોજ વિજયાદશમીની ચાણસ્મા પંથકમાં ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં ખારીઘારીયાલ ગામે રાવણ દહન કરવામાં આવ્યું હતું તેમજ ચાણસ્માના વસઈ ગામે શસ્ત્ર પૂજન નું આયોજન ગામની અંદર વસતા ક્ષત્રિય સમાજના લોકો દ્વારા કરવામાં આવ્યું હતુંઅસત્ય ઉપર સત્યની જીતના ઉત્સવ તરીકે ઉજવાતા વિજયા દશમી નિમિત્તે ચાણસ્મા તાલુકાના વસોયા ગામે શાસ્ત્રોક મંત્રો ચાર સાથે શાસ્ત્ર પૂજન નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં અવધ આશ્રમ ખોરસમના રામગીરી બાપુ ની ઉપસ્થિતિમાં શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું જેમાં તલવાર બંધુક તીરકામઠા સહિતની શસ્ત્રો ની વિધિવત રીતે પૂજા કરવામાં આવી હતી તેમજ ગામની અંદર બનાવવામાં આવેલા શહીદોના સ્મારકની પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી શહીદો અમર રહો ના નાદ સાથે પૂજા વિધિ કરવામાં આવી હતી આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના સંગઠનના હોદ્દેદારો કિર્તીભાઈ મહેતા ,ચૌહાણ વિક્રમસિંહ ભીખાજી જિલ્લા પંચાયત ડેલિકેટ, જવાનજી વાઘેલા, ભવાનજી વાઘેલા, રતનસિંહ વાઘેલા સહિતના ગ્રામજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રિપોર્ટર નિખિલ જોશી
પાટણ બ્યુરોચીફ

# સુપ્રીમના ૭૦ હજાર સહિત દેશભરની કોર્ટોમા પાંચ કરોડથી વધુ કેસો પેન્ડિંગ છે.



દેશભરની કોર્ટોમાં પડતર કેસોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.હાલ હાલત એહી બધી ચિંતાજનક છે કે સુપ્રીમ કોર્ટએ કહેવું પડ્યુંછે કે જો આટલા બધા પડતર કેસોનો નિકાલ ના કરવામાં આવ્યો તો પ્રજાનો ન્યાય પરથી વિશ્વાસ ઘટી શકે છે.પ્રજાનો ન્યાય વ્યવસ્થાથી મોહભંગ થઈ રહ્યો છે.કેટલીક કોર્ટોમાં તો ૫૦ વરસ જુના કેસો પણ પડતર. છે.રવિન્દ્ર ભટ્ટ અને અરવિંદકુમારની બેંચે દરેક રાજ્યોની હાઈકોર્ટોના ન્યાયઘીસોને પાંચ વરસથી જુના કેસોના ઝડપી નિકાલ માટે ૧૧ મુદ્દા સાથે આદેશ જારી કર્યા છે.

એક ૪૩ વરસ જુના સિવિલ કેસ પર ચુકાદો આપતી વખતે સુપ્રીમ કોર્ટે પડતર કેસો અંગે ચિંતા વ્યકત કરતા કહ્યું હતું કે જો કાયદાકીય પ્રકિયા કાચબા ગતિએ ચાલશે તો લોકોનો ન્યાય તંત્ર પરથી વિશ્વાસ ઊઠી જશે.અને અરજદારોનો મહોભંગ થઈ સકે છે.પશ્ચિમ બંગાળ ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમા કેટલાક મામલઓમાં આંકડા પર નજર કરતા આ અવલોકન કર્યુ હતું.

સુપ્રીમ કોર્ટનાં જજ અરવિંદકુમારે અરજદારને કહ્યું હતું કે જયા શક્ય હોય ત્યાં મામલાને સ્થગિત કરાવવાથી બચે.પેન્ડિંગ મામલાઓના નિકાલ માટે વકીલો અને જજો બન્નેએ મળીને પણ પ્રયાસો કરવાની જરૂર છે.આ સાથે સુપ્રીમ કોર્ટે તાલુકા જિલ્લા કક્ષાથી લઈને હાઈકોર્ટ સહિતની દેશભરની કોર્ટોને આદેશ આપ્યો હતો.જેમાં સમન્સ લેખિત જવાબ કે નિવેદનો ટ્રાયલ સહિતના પગલાં તાત્કાલિક લેવા આદેશ આપ્યો હતો: દેશભરના હાઈકોર્ટોના જજોની એક કમિટી રચવા અને તેમને પાંચ વરસથી જુના કેસોનું મોનિટરિંગ કરવાના આદેશ પણ આપ્યા હતા.સુપ્રીમે કહ્યું કે લોકો ઝડપથી આશા સાથે કોર્ટમાં આવતા હોય છે.દરેક વિભાગ ન્યાય સાથે જોડાયેલો છે.દેશનો આર્થિક વિકાસ પણ મજબુત ન્યાય વ્યવસ્થા પર ટકેલો છે.

સુપ્રીમ કોર્ટમાં યશપાલ જેન નામની વ્યક્તિએ ૪૩ વરસ જુના પોતાના એક કેસના ઝડપી નિકાલ માટે સુપ્રીમમા અપીલ કરી હતી સુપ્રીમ કોર્ટે ૬ મહિનામાં નીચલી કોર્ટને ૬ મહિનામાં કેસનો નિકાલ કરવાનો આદેશ આપ્યો હતો સાથે જ સમગ્ર દેશની કોર્ટોમાં આવા પડતર કેસોના ઝડપી નિકાલ માટે અગિયાર પ્રકારના આદેશ જારી કર્યા છે.નેશનલ જ્યુડીશિયલ ડેટા ગ્રીડના આંકડા અનુસાર હાલ દેશભરમાં પાંચ કરોડ કેસો પેન્ડિંગ છે જેમાંથી આઠ ટકા એવા મામલા છે જે મહિલાઓએ દાખલ કરાવ્યા છે જેની સંખ્યા ૩૬.૫૭ લાખ છે.

કેન્દ્રીય કાયદા મંત્રાલય અને નેશનલ જ્યુડીશિયલ ડેટા ગ્રીડના અભ્યાસમા પડતર કેસો અંગે અભ્યાસ કરાયો હતો જેમાં કેમ લાંબા સમય સુધી કેસો પડતર રહે છે એના તારણો કાઢવામાં આવ્યા હતા.

કોર્ટોમાં લાંબા સમય સુધી કેસો પડતર રહેવાના મુખ્ય કારણો આ મુજબ છે.

પોલીસ ચાર્જસીટ દાખલ કરતી નથી.કોર્ટમાં તપાસ માટે વારંવાર સમય માંગતી રહે છે.

ચાર્જસીટ દાખલ કરી હોય પણ મહત્વના દસ્તાવેજો કોર્ટમાં ના પહોંચ્યા હોય.

ચાર્જસીટ બાદ નીચલી કોર્ટ વારંવાર તારીખો આપતી રહે જેમાં આરોપો ઘડવામાં જ ૨/૪ વરસ નીકળી જાય.

મહત્વપૂર્ણ સાક્ષીને રજુ કરવામા પોલીસ નિષ્ફળ રહે છે.

નીચલી કોર્ટની કાર્યવાહી પર સ્ટે.આરોપી જમીન પર ફરાર થઈ જાય.

ક્યારેક સરકારી વકીલ ક્યારેક ખાનગી વકીલ કોર્ટમાં હાજર હોતા નથી.

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# ટોંક તેના વર્તમાન ધારાસભ્ય અને ઉમેદવાર સચિન પાયલટ મુખ્યમંત્રી બનવાની અપેક્ષા રાખે છે.

ટોંક,તા.૨૪

જો ૩ ડિસેમ્બરે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ જીતશે તો ટોંક તેના વર્તમાન ધારાસભ્ય અને ઉમેદવાર સચિન પાયલટ મુખ્યમંત્રી બનવાની અપેક્ષા રાખે છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે સચિન પાયલટનો સમય આવી ગયો છે. આ દરમિયાન તે એ પણ જણાવવાનું ભૂલતા નથી કે ૨૦૧૮માં ટોંકથી સચિન પાયલોટની જીતનું માર્જિન જોધપુરમાં મુખ્યમંત્રી અશોક ગેહલોતની સીટ સરદારપુરા કરતાં વધુ હતું.

શું સચિન પાયલોટ પોતાની અને મુખ્યમંત્રીની ખુરશી વચ્ચેનું અંતર દૂર કરી શકશે, જે તેમને દૂર રાખ્યું છે? રાજસ્થાનમાં કોંગ્રેસની રાજનીતિને શ્રેષ્ઠ રીતે વર્ણવતી વિડંબના એ છે કે ટોંકના ધારાસભ્ય તરીકે સચિન પાયલોટનો શોપીસ પ્રોજેક્ટ શહેરને ‘ગેહલોત‘ ગામ સાથે જોડવા માટે બનાસ નદી પર ૩.૫ કિલોમીટર લાંબો પુલ બનાવવામાં આવી રહ્યો છે. ચોમાસા દરમિયાન નદી ફૂલી જાય છે અને કામચલાઉ પુલ ધોવાઈ જાય છે. આ રીતે, ગેહલોત ગામ સિવાય, ફુલેલી નદી શહેરમાંથી અન્ય ૫૦ ગામોને કાપી નાખે છે. ગ્રામજનોને ૨૦ કિલોમીટર લાંબો ચકરાવો લેવાની ફરજ પડી છે. અહીં સ્થાનિક લોકો ધૂળવાળા રસ્તા પર ઊંટ પર મુસાફરી કરતા જોઈ શકાય છે. છેલ્લા કેટલાક સમયથી આ પુલનું બાંધકામ ચાલી રહ્યું છે.સચિન પાયલટે કહ્યું કે તે ૫૫,૦૦૦ વોટના જંગી અંતરથી જીત્યો છે અને આ વખતે તેનો હેતુ રેકોર્ડ તોડવાનો છે. સચિન પાયલોટ રવિવારે ટોંકમાં હતા, ટિકિટની જાહેરાતના એક દિવસ પછી, ગામડાઓમાં ૧૩૯ બૂથ અને ટોંક શહેરમાં ૧૦૫ બૂથના તેના તમામ બૂથ કાર્યકરોને મળ્યા. માઈક્રો મેનેજમેન્ટના ઉત્તમ ઉદાહરણમાં, સચિન પાયલોટ બૂથ કાર્યકરોને વોર્ડ અથવા પંચાયતો દ્વારા વિભાજિત અલગ-અલગ બેચમાં મળ્યા જેથી તેઓને વિજય મંત્ર આપવામાં આવે અને વિજય માર્જિન વધે. પાયલોટનું કહેવું છે કે તેઓ ટૂંક સમયમાં રાજ્યભરમાં પ્રચારમાં વ્યસ્ત થઈ જશે અને તેથી હાલમાં તેમનું ધ્યાન ટોંક સીટ પર છે.

ટોંકના કાઉન્સિલર શબ્બીર અહેમદનું કહેવું છે કે, આ વખતે માત્ર સચિન પાયલટ જ મુખ્યમંત્રી બનશે. તે કહે છે, ‘સમય આવી ગયો છે, તે (પાયલોટ) આ વખતે મુખ્યમંત્રી બનશે. અહેમદ કહે છે, સચિન પાયલટ આના હકદાર છે. ટોંકના પાયલોટ સમર્થક ગોરધન હિરોનીએ જણાવ્યું હતું કે પૂર્વ રાજસ્થાનના લોકો જ્યારે ૨૦૧૮માં પાયલોટ મુખ્યમંત્રી બન્યા ન હતા ત્યારે નિરાશ થયા હતા, તેમ છતાં પ્રદેશે કોંગ્રેસને ખુરશી મળશે તેવી આશામાં ભારે મતદાન કર્યુ હતું.પાયલોટને મુખ્યમંત્રી બનાવવો જોઈએ અને જો તેમ થાય તો રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીમાં ૨૦થી વધુ બેઠકો જીતી શકીશું. હિરોની કહે છે કે ગેહલોતે મુખ્યમંત્રી તરીકે સારું કામ કર્યુ છે અને તે વરિષ્ઠ નેતા છે. પરંતુ તેમણે હવે દિલ્હી જઈને રાહુલ ગાંધીના હાથ મજબૂત કરવા જોઈએ.

# ડાંગ જિલ્લા આહવા ખાતે પોલીસ દ્વારા પ્રવાસીઓની સુરક્ષા માટે "પ્રવાસી મિત્રો" યોજનાની શરૂઆત કરાઈ



## ડાંગ જિલ્લામા પ્રવાસીઓની સુરક્ષા માટે જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી ડાંગ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા "પ્રવાસી મિત્ર" યોજનાનો પ્રારંભ કરવામા આવ્યો છે.

આ પ્રંસગે જિલ્લા કલેકટર શ્રી મહેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, નવરાત્રી ધાર્મિક કાર્યક્રમ છે. પરંતુ તેની સાથે ડાંગ પોલીસ દ્વારા લોકજાગૃતિ માટેના તેમજ સમાજમા સમાનતા લાવવા માટેના જે કાર્યક્રમો કરવામા આવ્યા તે સરાહનીય છે. જિલ્લામા પાયલોટ પ્રોજેક્ટ તરીકેની શરૂ કરાયેલી "પ્રવાસી મિત્રો"ની યોજના, જિલ્લામા આવનારા પ્રવાસીઓને ઉપયોગી નીવડશે. સાથે આ યોજના પ્રવાસીઓની સુરક્ષા તેમજ તેઓને જરૂરી માહિતી પુરી પાડવા માટે પણ ખુબ જ ઉપયોગી સાબિત થશે. ડાંગ જિલ્લાનો મુખ્ય મિલેટસ પાક (નાગલી) છે. નાગલી સ્વાસ્થ્યવર્ધક પાક છે. તેથી નાગલીની પ્રોડક્ટ સાપુતારાની હોટેલોમા ઉપલબ્ધ કરાવવા માટે સાપુતારા હોટેલ એસોસિએશનને કલેક્ટરશ્રીએ આ વેળા અપીલ કરી હતી.

જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાએ નવરાત્રીના આયોજનની સાથે જિલ્લાના લોકો માટે રોજેરોજ જનજાગૃતિ માટેના કાર્યક્રમોનુ આયોજન કરનાર, નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટીલ તેમજ સમગ્ર પોલીસ પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલભાઈ પાટીલે જણાવ્યુ હતુ કે, જિલ્લામા પ્રવાસન સ્થળોને વિકસિત કરવા માટે સરકારશ્રી દ્વારા મોટાપાયે પ્રોજેક્ટ કરવામા આવી રહ્યા છે. તેથી પ્રવાસીઓની સંખ્યામા ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. ભવિષ્યમા પોલીસ વિભાગ માટે પ્રવાસીઓની સુરક્ષા પડકારજનક બની રહેશે. ડાંગ જિલ્લો પહાડી વિસ્તાર હોવાથી વળાંક વાળા રસ્તાઓને લીધે અકસ્માતોનુ પ્રમાણ વિશેષ રહે છે. આવા સંજોગોમા પ્રવાસીઓની સુરક્ષા અને સલામતી માટે પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા દ્વારા "પ્રવાસી મિત્ર" યોજનાનો નૂતન કોન્સેપ્ટ રજૂ કરવામાં આવ્યો છે. જે પ્રવાસીઓની સુરક્ષા માટે ઉપયોગી સાબિત થશે. "પ્રવાસી મિત્ર" યોજના હેઠળ ગ્રામરક્ષક દળના ૨૦ જેટલા સભ્યોને વિશેષ તાલીમ આપવામા આવી છે. આ સુરક્ષાકર્મીઓ જિલ્લામા આવનાર પ્રવાસીઓને ઊઈ-ર્ઝહ્ની દ્વારા માર્ગદર્શન આપશે. જિલ્લામા રાત્રી રોકાણના સ્થળો અંગેની માહિતી પણ આપશે, તેમજ લોકોને પોલીસ વિભાગની સુરક્ષા અંગેની તમામ સેવાઓ વિશે માહિતગાર કરશે. જેમાં વુમન હેલ્પલાઈન, ટ્રાફિક, સાયબર ક્રાઈમ તેમજ પ્રવાસીઓની સુરક્ષા માટે તમામ સરકારી વિભાગોના સંપર્ક નંબરો વિશે માહિતીગાર કરશે.

જિલ્લામા કઈ કઈ જગ્યાએ અકસ્માત ઝોન, બ્લેક સ્પોટ આવેલા છે, તે વિશે પણ સતર્ક કરશે. પોલીસ હેડ કવાર્ટર આહવા ખાતે યોજાયેલ આ કાર્યક્રમમા સાપુતારા હોટેલ એસોસિએશનના પ્રતિનિધિશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ડાંગ જિલ્લાની સંસ્કૃતિને ઉજાગર કરતા જિલ્લાના નૃત્ય સમૂહોના કલાકારોને રોજગાર મળી રહે તે માટે સંવાદ કરવામા આવ્યો હતો.આ સાથે જ ડાંગ જિલ્લા ગ્રામ રક્ષક દળના સભ્યો, નવરાત્રીનુ આયોજન કરનાર નિર્ણાયકો તેમજ નવરાત્રી દરમ્યાન તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડનાર સાપુતારા હોટેલ એસોસિએશનના સભ્યો, તેમજ યુનિટી કન્સ્ટ્રક્શનને શિલ્ડ આપી સન્માનિત કરવામા આવ્યા હતા.



લાંઘણજ પોલીશ સ્ટેશન માં બજરંગ દળ ટીમ દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું.. જેમાં.. ગામના મુખ્ય સરપંચ શ્રી થતાં બજરંગ દળ અને પોલીશ સ્ટાફ ની ઉપસ્થિતિ રહી. બધા સાથે મળી અને શાસ્ત્રોક્ત રીતે શસ્ત્ર પૂજન કરી દશેરાના પર્વની ઉજવણી કરવામાં આવી. મહેસાણા થી જતીન રાવલ




આપણા લોકપ્રિય સાંસદ, કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબે આજે પોતાના વતન માણસામાં સ્વર્ગીય માતૃશ્રી કુસુમબાની સ્મૃતિમાં ચલાવવામાં આવતા નિઃશુલ્ક આહાર કેન્દ્ર 'કુસુમબા અન્નક્ષેત્ર' ખાતે ગરીબો સાથે ભોજન લીધું તેમજ ખબર-અંતર પૂછયા.



રાજધાની ફાઉન્ડેશન દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવ મા નવ મા નોરતે જગત જનની મા અંબા ની આરતી કરી પૂજા અર્ચના કરી અને આયોજક મિત્રો પીન્ટુભાઈ, પરેશભાઈ(લાલભાઈ) અલ્કેશભાઈ દ્વારા SPG રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ સાથે મહેસાણા DYS઼ દેસાઈ સાહેબ,SPG ટ્રસ્ટી રાકેશભાઈ પટેલ,છ઼્ભ્ફ઼ વિભાગ પ્રમુખ નિકુલભાઈ પટેલ, જિલ્લા સદસ્ય મયુરભાઈ પટેલ મોઢેરાવાળા નું સ્વાગત કરવામાં આવ્યું. મહેસાણા થી જતીન રાવલ

# ભાજપના ભ્રષ્ટાચારમાં વધુ એક પૂલ તુટી પડ્યો

ગુજરાતમાં બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની વારંવાર બનતી ઘટનાઓને પરિણામે ગુજરાતના લાખો નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે, તેમ છતાં ભાજપ સરકારના માર્ગ મકાન વિભાગ અને ભાજપ શાસિત કોર્પોરેશનનું સમગ્ર ઘટનામાં ગુનાહિત મૌન ચિંતાજનક છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, મહેસાણા અને આજે પાલનપુરમાં બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની ઘટનાની તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પાલનપુર એક નિર્માણધીન ઓવરબ્રીજ ધરાશાઈ થતાં પાલનપુર આર.ટી.ઓ. સર્કલ નજીક આ ઓવરબ્રીજ ભ્રષ્ટાચારનો બેનમૂન નમૂનો છે. ગુજરાતમાં જુદા જુદા જિલ્લાઓમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટનાઓમાં ગુનાહિત બેદરકારી આચરનારા જવાબદાર અધિકારી કોન્ટ્રાક્ટર પર ભાજપ સરકારના આશીર્વાદ હોવાને કારણે કોઈ નક્કર પગલાં ભરવામાં આવતાં નથી. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. ચૂંટણીમાં કરોડો રૂપિયા ફંડ આપનાર મળતિયા કંપનીઓને બ્રિજ બાંધકામ સહિત કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટની લ્હાણી કરતી ભાજપ સરકાર બ્રિજ અકસ્માત / દુર્ઘટના મુદ્દે મૌન કેમ છે ? છેલ્લા આઠ વર્ષમાં બ્રિજ બાંધકામ / અકસ્માતમાં બે નાગરિકોના મોત અને ૧૪થી વધુ નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બ્રિજનું બાંધકામ કરનાર માત્ર એક જ કંપનીએ કરોડો રૂપિયા ચૂંટણી ફંડ સત્તાવાર આપ્યું છે. સાથોસાથ અંડરટેબલ લેતી-દેતીની રકમનો અધધ આંકડો જાણવા મળે છે.

રાજ્યમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટના બાદ પણ ભાજપ સરકાર જવાબદાર અધિકારી, કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવામાં આડા કાન કરે છે. અમદાવાદમાં શાંતિપુરામાં બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની ગંભીર ઘટનામાં પણ બ્રિજ નિર્માણની કામગીરી બ્લેકલિસ્ટ કંપનીને કેમ વારંવાર કામ આપવામાં આપે છે ? તેનો જવાબ ગુજરાતની જનતા જાણવા માંગે છે. ભાજપ સરકારના ''ભ્રષ્ટાચારી મોડલ'' થી ગુજરાતના સામાન્ય નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, રાજકોટ, મહેસાણા જિલ્લામાં સાત જેટલી બ્રિજ અકસ્માતની ઘટનામાં બે નાગરિકોના પોતાનો જીવ ગુમાવ્યો છે. કંપની પાસેથી કરોડો રૂપિયાનું ચૂંટણી ફંડ લેતી ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોની સલામતીને નેવે મૂકીને માત્ર ચૂંટણી ફંડ મેળવવા માટે રસ હોય તેમ જણાઈ રહ્યું છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે ગુજરાતમાં સાત જેટલા બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની ઘટનાઓમાં થયેલી ગુનાહિત બેદરકારી માટે જવાબદાર અધિકારી, કોન્ટ્રાક્ટર સામે તાત્કાલીક તટસ્થ તપાસ કરવામાં આવે અને નક્કર પગલા ભરવામાં આવે તોજ આવી ગંભીર દુર્ઘટના અટકાવી શકાશે અને માનવજીંદગી બચાવી શકાશે.



ભારતના લોકપ્રિય, યશસ્વી કેન્દ્રીય ગૃહ પ્રધાન માનનીય શ્રી અમીતભાઈ શાહ સાહેબ ના જન્મદિવસ નિમિત્તે મહેસાણા કમલમ કાયૉલય ખાતે સફાઈ કામદાર બહેનોને સાડી વિતરણ તથા બહેરા મુંગા ની શાળા માં નાસ્તા વિતરણ કર્યું.

મહેસાણા થી જતીન રાવલ




રોટરી ક્લબ ઓફ બોરીવલી અને ઈનર વ્હિલ ક્લબ ઓફ બોરીવલી દ્વારા , જી.એચ. હાઈસ્કૂલ બોરીવલી ઈસ્ટ, બોરીવલીના ૨૨૫ થી વધુ ખાસ વિદ્યાર્થીઓ અને ગરીબ શેરી વિદ્યાર્થીઓ માટે સાંજે ×વન નાઈટ - ગરબા નાઈટ× નું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ બાળકોએ લાકડીઓ કે વ્હીલ ચેરની મદદથી ગરબા અને દાંડિયા રમ્યા હતા. રમત બાદ તમામ બાળકોને મુંબઈ કિડની ફાઉન્ડેશનના અધ્યક્ષ ડો.ઉમેશ ખન્ના દ્વારા ઈનામોનુ વિતરણ કરવામા આવ્યુ હતુ અને બાદમાં સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. બાળકો અને તેમના માતા-પિતાના ચહેરા પરની ખુશીના ભાવ હ્રદયસ્પર્શી હતા. કાર્યક્રમ ને સફળ બનાવામાં પ્રમુખ રશ્મિકાંત સંઘવી સાથે મુકેશ ઠક્કર, હરીશ ચંદારાણા, હરીશ દાવડા તથા રાજુલ પાઠકનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો.

# રાજુલા શહેરમા એગ્રો એસોસિએશન દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

રાજુલા તાલુકાના એગ્રો એસોસિએશન દ્વારા પ્રમુખ તરીકે હિંમતભાઈ હડિયા સહિતના સભ્યોની નિમણુંક થતા ઈમરજન્સી સમયે સરળતાથી લોકોને બ્લડ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે દશેરા પર્વે નિમિતે આહીર સમાજની વાડી રાજુલા ખાતે પ્રથમ ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન કરવામા આવ્યું હતું.જેમા મોટી સંખ્યામા લોકોએ સ્વેચ્છાએ રક્તદાન કરી ૧૩૯ યુનિટ બ્લડ કલેક્ટ કરેલ તેમજ સ્થળ પરજ લોકોના આરોગ્યની ચકાસણી કરી આયુષ્માન કાર્ડ કાઢી આપવામા આવેલ.એગ્રો એસોસિએશન રાજુલા દ્વારા રમેશભાઈ કાથરોટીયા,પીપલીયા સાહેબ,નારોલા સાહેબ,મયંકભાઈ ચૌહાણ,ડૉ.વાઘમશી સાહેબ,ડૉ.હિતેષા હડિયા,વિનુભાઈ આહિર,વાળા સાહેબ અને બાંભણીયા સાહેબ સહિતના આમંત્રીત મહેમાનોશ્રીઓનુ શાલ અને પુષ્પગુચ્છ આપી સન્માન કરાયુ હતુ તેમજ હાજર લોકો દ્વારા




વિજયાદશમીના શુભ અવસરે રક્તદાન કરીને માનવ સમાજ સેવા રૂપી કર્તવ્ય નિભાવતા બ્લડની ટોટલ ૧૩૯ બોટલ એકત્રિત કરેલ જે નવકાર ચેરીટેબલ બ્લડ બેન્ક મહુવાને સમર્પિત કરી સમાજ સેવામા અનેરું યોગદાન આપેલ.જેમા બ્લડ ડોનેટ કરનાર વ્યક્તિને એગ્રો એસોસિએશન દ્વારા ભેટ સ્વરૂપે ઘડીયાળ આપી પ્રોત્સાહિત કરવામા આવેલ.

લોકોના આરોગ્યને વરદાનરૂપ આયુષ્માન એપ્લિકેશન દ્વારા આયુષ્માન કાર્ડ,હેલ્થ આઈ.ડી.કાર્ડ,બીપી અને ડાયાબિટીસના નિદાનની કામગીરી જીજ્ઞાસા વણજર,મિતલ કલસરીયા,ધવલ વાણીયા અને વિપુલ કલસરીયા દ્વારા કરી લોકોમા આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરવામા આવેલ તેમજ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરતા સરળતાથી આયુષ્માન કાર્ડ નીકળી શકશે તેવુ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરીયા દ્વારા જણાવેલ.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રાજુલા તાલુકાના એગ્રો એસોસિએશનના પ્રમુખ હિંમતભાઈ હડિયા,ઉપપ્રમુખ આતાભાઈ વણજર અને નારણભાઈ સોલંકી,મંત્રી વિનુભાઈ સોજીત્રા અને ખજાનચી પ્રેમજીભાઈ હડિયા સહિત એગ્રોના વેપારીઓ,અગ્રણીઓ અને યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવેલ તેમજ ભોજન,ઘડિયાળ અને અન્ય જરૂરી વસ્તુઓના દાતાશ્રીઓ દ્વારા સહભાગી થઈ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવ્યો હતો જે યાદીમા જણાવેલ છે.



તા.૨૩-૧૦-૨૦૨૩ના રોજ આસો માસની નવરાત્રીમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત વિશ્વ શાંતિ તેમજ સૌને સદ્દબુધ્ધિ સૌને ઉજ્જવળ ભવિષ્ય સૌને નિરામય જીવન અને ધરતી ઉપર સ્વર્ગનું અવતરણ આશય હેતુથી સમૂહમાં ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા નવ દિવસ સુધી ૧૨ ગાયત્રી ચાલીસા પાઠનું અનુષ્ઠાન તા.૧૫-૧૦-૨૦૨૩ રવિવાર થી તા.૨૩-૧૦-૨૦૨૩ સોમવાર સુધી દરરોજ બપોર પછી ૩-૦૦થી ૫-૦૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું જે પૂર્ણ થયેથી પૂર્ણાહુતિ નિમિત્તે નારણપુરા વિસ્તારમાં આવેલ ૩, કૃષ્ણવન સોસાયટી કામેશ્વર મહાદેવ પાસે,અંકુર રોડ ખાતે સમૂહમાં બહેનો દ્વારા ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનુષ્ઠાનની સર્વ બહેનો તથા સોસાયટીના રહીશો જોડાયા હતા અને આહુતિ ઓ આપી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.